નં.ડીએમ/ટાપુ/૩/૨૦૨૪
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, જામનગર
તા. ૦૬/૦૫/૨૦૨૪

# ફોજદારી કાર્યરીતી અધિનિયમ ની કલમ–૧૪૪ અન્વયેનું જાહેરનામું

જામનગર જિલ્લો ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય દરીયાઈ સીમાએ આવેલ અતિ–સંવેદંશીલ જિલ્લો છે જામનગર જિલ્લામાં કુલ–૧૧ (અગિયાર) દરિયાઈ ટાપુઓ આવેલ છે. જે પૈકી માત્ર ૧ પિરોટન ટાપુ પર માનવ વસાહત આવેલ છે. જયારે અન્ય ટાપુઓ માનવ વસાહત રહીત છે. આ નિર્જન ટાપુઓ પર ધાર્મિક જગ્યાઓ આવેલ છે જે જગ્યાઓએ અવારનવાર ધાર્મિક પ્રસંગોએ અને દર્શનાર્થે માણસો અવર–જવર કરે છે. આ ટાપુઓ પર રાષ્ટ્રવિરોધી અને દાણચોરી જેવી ગેરકાયદેસર અને અસામાજિક પ્રવૃતિઓ કરતાં ઈસમો સહેલાઈથી આ દરીયાઈ ટાપુઓ ઉપર આશ્રય મેળવે અથવા હથિયારો અને નશાકારક પદાર્થ છુપાવવા ઉપયોગ કરે તેવી પુરી સંભાવના છે. આથી રાષ્ટ્રીય સલામતી અને જાહેર વ્યવસ્થાને ધ્યાને લઈ તેમજ આંતકવાદી અને દેશદ્રોહી પ્રવૃતિને રોકવા આ ટાપુઓ પર પ્રવેશ પ્રતિબંધ મુકવા જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, જામનગરના તા.૨૪/૦૭/૨૦૨૩ ના પત્ર જા.નં./SOG/ટાપુ/જાહેરનામાં/૮૨૨/૨૦૨૩ થી દરખાસ્ત મળેલ છે. જે મુજબના પ્રસિધ્ધ કરેલ જાહેરનામાની મુદ્દત સમાપ્ત થનાર હોય, આ જાહેરનામાની મુદ્દત વધારવી મને વાજબી જણાય છે.

જેથી હું, **ભાવેશ એન. ખેર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો**, ફોજદારી કાર્યરીતી અધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, જામનગર જિલ્લાના આ સાથે **સામેલ પરિશિષ્ટ મુજબના કુલ–૧૧ (અગિયાર) ટાપુઓ પર તા.૧૪/૦૫/૨૦૨૪ થી તા.૧૨/૦૭/૨૦૨૪ સુધી (બને દિવસો સહીત)પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવું છું**

–:અપવાદ:–

પ્રવાસીઓને પીરોટન ટાપુ પર જવા–આવવાનું થાય ત્યારે નાયબ વન સંરક્ષકશ્રી, મરીન નેશનલ પાર્ક, જામનગરની પૂર્વમંજુરી મેળવી લેવાની રહેશે.

આ જાહેરનામાંનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતા–૧૮૬૦ (૪૫ માં અધિનિયમ) ની કલમ–૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાંના ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ પગલા લેવા માટે થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને ભારતના ફોજદારી અધિનિયમ–૧૮૬૦ (૪૫ અધિનિયમ)ની કલમ –૧૮૮ અન્વયે ફરિયાદ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાંની પ્રસિધ્ધિ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનોમાં તથા પોલીસ અધિક્ષકશ્રીની કચેરીમાં નોટીસ બોર્ડ ઉપર ચોંટાડી પોલીસ અધિક્ષકશ્રી અથવા તેઓએ અધિકૃત કરેલ અધિકારીશ્રીઓએ સહેલાઈથી દેખાય આવે તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને કરવી તથા સ્થાનિક વર્તમાન પત્રો દ્વારા તેની જાહેરાત કરાવીને આ જાહેરનામું પ્રસિદ્ધ કરવું.

આજ તા.૦૬ માહે: મે, ૨૦૨૪ ના રોજ મારી સહી કરી તથા કચેરીના મહોર લગાવી જાહેરનામું બહાર પાડવામાં આવ્યુ.

Office of the District Magistrate
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી જામનગર (જિલ્લા)
સત્યમેવ જયતે
ગુજરાત રાજ્ય
Jamnagar District

(ભાવેશ એન. ખેર)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર

અત્રેની કચેરીના તા.૦૬/૦૫/૨૦૨૪ ના જાહેરનામાં ક્રમાંક નં. ડીએમ/ટાપુ/૩/૨૦૨૪ અન્વયેનું

## પરિશિષ્ટ

| જામનગર જિલ્લામાં આવેલ ટાપુઓની વિગત | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ક્રમ | ટાપુનું નામ | નજીકના પો.સ્ટે.નું નામ | મહેસુલી હકુમત | નજીકનું ગામ | Latitude | Longitude |
| ૧ | ભેંસબીડ ટાપુ | બેડી મરીન | જામનગર | ખારા બેરાજા | 22.544066 | 69.951464 |
| ૨ | ઝિંઝ્રા ટાપુ | બેડી મરીન | જામનગર | બેડી | 22.5736844 | 70.0096441 |
| ૩ | દંડીકા | બેડી મરીન | જામનગર | સરમત | 22.523926 | 69.940465 |
| ૪ | મુંડીકા | બેડી મરીન | જામનગર | સરમત | 22.528033 | 69.930904 |
| ૫ | પીરોટન | બેડી મરીન | જામનગર | બેડી | 22.573684 | 70.009644 |
| ૬ | અમુડી બેલા | બેડી મરીન | જામનગર | બેડી | 22.541500 | 69.960000 |
| ૭ | બડા બેલા | બેડી મરીન | જામનગર | બેડી | 22.530600 | 69.944600 |
| ૮ | કોદરા બેડ @ કોદારા | બેડી મરીન | જામનગર | બેડી | 22.566300 | 70.019100 |
| ૯ | જુના બેલા | બેડી મરીન | જામનગર | બેડી | 22.550300 | 70.018300 |
| ૧૦ | અનનોન–એ | બેડી મરીન | જામનગર | બેડી | 22.539400 | 69.932000 |
| ૧૧ | અનનોન–બી | બેડી મરીન | જામનગર | બેડી | 22.535100 | 69.955900 |

Office of the District Magistrate, Jamnagar District
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી જામનગર જિલ્લો
સત્યમેવ જયતે
ગુજરાત રાજ્ય

(ભાવેશ એન. ખેર)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર

નકલ રવાના :-

૧. નાયબ વન સંરક્ષકશ્રી, મરીન નેશનલ પાર્ક, જામનગર

...ઉકત જાહેરનામાં અન્વયે પુર્વ મંજુરી આપવા અંગેની જરૂરી કાર્યવાહી થવા સારૂ.

૨. પોલીસ અધિક્ષકશ્રી, જામનગર.

...આપની કચેરીના નોટીસ બોર્ડ ઉપર તથા તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરાવી તે અંગેના રોજકામની નકલો આપના દફતરે રાખવા સારુ.

૩. કમિશ્નરશ્રી, જામનગર મહાનગર પાલિકા, જામનગર.

૪. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જામનગર.

૫. સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, જામનગર(શહેર/ગ્રામ્ય)/ધ્રોલ/લાલપુર.

૬. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, (શહેર/ગ્રામ્ય)

૭. મામલતદારશ્રી, જામનગર(શહેર/ગ્રામ્ય)/કાલાવડ/ધ્રોલ/જોડીયા/લાલપુર/જામજોધપુર.

૮. નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર

...સ્થાનિક વર્તમાનપત્રોમાં સમાચારરૂપે બહોળી પ્રસિધ્ધી અપાવવા વિનંતી સહ.

૯. પોલીસ ઈન્સ્પેકટરશ્રી/પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી, સીટી એ ડીવી./ સીટી બી ડીવી./સીટી સી ડીવી./પંચ એ ડીવી./ પંચ બી ડીવી./બેડી મરીન/ મેધપર (પડાણા)/સિકકા/જામજોધપુર/ શેઠવડાળા/લાલપુર/કાલાવડ ટાઉન/ કાલાવડ (ગ્રામ્ય)/જોડીયા/ ધ્રોલ પોલીસ સ્ટેશન, જી.જામનગર

૧૦. મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ.

...ઉકત જાહેરનામાંની ૨(બે) નકલો આ સહ સામેલ છે જેને અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી ગેઝેટની ૫(પાંચ) નકલો અત્રેને મોકલી આપવા વિનંતી સહ.

૧૧. શાખાધ્યક્ષશ્રી, રેકર્ડ શાખા, કચેરીમાં

...ઉકત જાહેરનામાંના ગેઝેટની નકલ કચેરીમાં મળ્યે તાત્કાલીક મેજિસ્ટ્રીયલ શાખામાં પહોંચતી કરવા સારુ.

૧૨. આઈ.સી.ટી. ઓફીસરશ્રી, જામનગર

.... ઉકત જાહેરનામાંને આ કચેરીની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.

૧૩. સિલેકટ ફાઈલે

નકલ સવિનય રવાના :-

૧. પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી, જામનગર.

૨. ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટશ્રી, જામનગર.

Office of the District Magistrate
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગર જિલ્લો
सत्यमेव जयते
ગુજરાત રાજય
Jamnagar District